પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૨ | ૧ સપ્ટેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મુંબઈમાં ઈમારત ધરાશાયી : ૨૧ના મોત

## હજુ ૩૦ નાગરિકો કાટમાળની નીચે દટાયાની શંકા : ભારે વરસાદ બાદ ૧૨૫ વર્ષ જુની પાંચ માળની ઈમારત ધરાશાયી





મુંબઈ,તા. ૩૧

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદ થયા બાદ સ્થિતીમાંથી બહાર નિકળવાના પ્રયાસમાં લોકો લાગેલા છે ત્યારે હોનારતોનો સિલસિલો હવે શરૂ થયો છે. આના ભાગરુપે ભારે વરસાદ બાદ આજે સવારે મુંબઈના ભીંડી બજારમાં એક પાંચ માળની ઈમારત પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. આ બનાવમાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે અને અન્ય ૩૪ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હજુ પણ ચાલી રહી છે. મોતનો આંકડો હજુ પણ વધવાની દહેશત દેખાઈ રહી છે. જેજે નગરમાં તુટી પડેલી ઈમારત બાદ તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ઘાયલ થયેલાઓમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. મોટી સંખ્યામાં લોકોને બચાવી પણ લેવામાં આવ્યા હતા. ભીંડી બજારમાં ધરાશાયી થયેલી ઈમારત ૧૨૫ વર્ષ જુની હતી. બનાવની જાણ થતાં જ તંત્રના અધિકારીઓ અને અન્યો તરત જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બચાવ અને રાહત કામગીરીમાં નેશનલ ડિસાસ્ટર રિસ્પોન્સ ટીમ લાગી ગઈ હતી. ૪૫ સભ્યોની ટીમ બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત રહી હતી. મોતનો આંકડો હજુ વધવાની દહેશત છે. કારણ કે ઘાયલો પૈકી કેટલાકની

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### આધાર-પાન લિંક કરવાની સમય મર્યાદા લંબાવાઈ

આધાર અને પાનકાર્ડને લિંક કરવા કેન્દ્ર સરકારે આપેલી આખરી મુદત ૩૧ ઓગસ્ટ હતી તેને હવે ૩૧ ડિસેમ્બર કરાઈ છે. ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલ કરવા માટે પાન કાર્ડ અને આધાર કાર્ડ લિંક થયેલા હોવા ફરિયાત છે.

### 'ગરજતા ગુજરાત' ભાજપનું સ્લોગન લોન્ચ થશે

આગામી દિવસોમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે ભાજપે સ્લોગનને લોન્ચ કરવાની તૈયારી આદરી છે. આગામી ૧૦મી સપ્ટેમ્બરે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે 'ગરજતા ગુજરાત' અને 'ગુજરાતની જરૂર છે' સ્લોગન લોન્ચ કરાશે.

### ભુટ્ટો હત્યા કેસમાં મુશર્રફ ભાગેડુ જાહેર

પાકિસ્તાનની એકઅદાલતે પૂર્વ વડાપ્રધાન બેનેઝીર ભુટ્ટોની હત્યા કેસમાં દેશના પૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફને ભાગેડુ જાહેર કરી દીધા છે. આ કેસમાં બે આરોપીઓને સજા ફટકારવામાં આવી છે જ્યારે અન્ય પાંચને નિર્દોષ ઠેરવવામાં આવ્યા છે. કોર્ટે નવ વર્ષ સુધી સુનાવણી કર્યા બાદ આજે ચુકાદો આપ્યો હતો. પાકિસ્તાની મિડિયાના અહેવાલ મુજબ આતંકવાદ વિરોધી કોર્ટે આજે ચુકાદો આપતી વેળા નિવૃત્ત જનરલ મુશર્રફને ભાગેડુ જાહેર કર્યા હતા.

# આઈટી દ્વારા ૨.૮૯ લાખ કરોડ જમા રકમ ચકાસણી હેઠળ

## ફુલ ૯.૭૨ લાખ લોકો દ્વારા રકમ જમા કરાઈ : ૨.૮૯ લાખ કરોડ રૂપિયાની રકમ ૧૩.33 લાખ ખાતાઓમાં જમા કરવામાં આવી હોવાનો આઈટી વિભાગનો ખુલાસો

નવીદિલ્હી,તા. ૩૧

ઈન્કમટેક્સ વિભાગે આજે કહ્યું હતું કે, નોટબંધી બાદ ૯.૭૨ લાખ લોકો દ્વારા જમા કરવામાં આવેલા ૨.૮૯ લાખ કરોડ રૂપિયાની રોકડ રકમ હવે ચકાસણી હેઠળ છે. નોટબંધી બાદ ૨.૮૯ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા બાદ ૯.૭૨ લાખ લોકો ચકાસણી હેઠળ આવ્યા છે. આઈટી વિભાગ દ્વારા આમા શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ રકમ ૧૩.૩૩ લાખ ખાતામાં જમા કરવામાં આવી હતી. આઈટી વિભાગ દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બુધવારના દિવસે વર્ષ ૨૦૧૬-૧૭ માટેના પોતાના વાર્ષિક અહેવાલમાં કહ્યું હતું કે, નોટબંધી દરમિયાન પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જુની નોટ પૈકી ૯૯ ટકા નોટ બેંકિંગ વ્યવસ્થામાં પરત આવી ચુકી છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં નોટબંધી બાદથી આ નાણા જમા થઈ ચુક્યા છે. રિઝર્વ બેંકે આ આંકડો આપ્યા બાદ નાણામંત્રી અરુણ જેટલી દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, નોટબંધીના હેતુ અર્થતંત્રમાં રોકડ કારોબાર ઉપર પ્રતિબંધ લાવવાનો રહ્યો હતો. સાથે સાથે ડિજિટાઈજેશનને પ્રોત્સાહન આપવાનો, કરવેરાની જાળને વિસ્તૃત બનાવવાનો તથા કાળા નાણા સામેની લડાઈને વધુ તીવ્ર બનાવવાનો હતો. કોંગ્રેસ દ્વારા આજે પ્રશ્નો ઉઠાવ્યા બાદ આને લઈને આક્ષેપબાજીનો દોર વધુ તીવ્ર બની શકે છે. અલગ સમિતમાં વાત કરતા નાણામંત્રીએ ગઈકાલે કહ્યું હતું કે, બેંકોમાં નાણા જમા થઈ ગયા છે. તેનો મતલબ એ નથી કે, તે પૈકીના તમામ નાણા કાયદેસરના છે. સરકાર પહેલા જ કહી ચુકી છે કે, નોટબંધીના પરિણામ સ્વરુપે જોરદાર ઝુંબેશ કાળા નાણા સામે હાથ ધરવામાં આવી હતી. બે લાખ શેલ કંપનીઓની ઓળખ કરી લેવામાં આવી હતી. નોટબંધીના પરિણામ સ્વરુપે ૫૬ લાખ નવા કરદાતાઓ ઉમેરાઈ ગયા છે.

# રોબર્ટ વાડરાની કંપની સામે ચાર એફઆઈઆર દાખલ

## બિકાનેરમાં જમીન સોદાબાજીમાં સીબીઆઇ ચકાસણીની ભલામણ રાજસ્થાન સરકારે કર્યા બાદ તપાસ શરૂ થઇ

નવી દિલ્હી,તા. ૩૧

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા પર સકંજો તપાસ સંસ્થાઓ દ્વારા મજબુત કરવામાં આવી રહ્યો છે. બિકારનેરમાં જમીન સોદાબાજીમાં સીબીઆઈ તપાસ માટેની રાજસ્થાન સરકાર દ્વારા ભલામણ કરવામાં આવ્યા બાદ હવે કેન્દ્રિય ભ્રષ્ટાચાર વિરોધી તપાસ સીબીઆઈએ ૧૮ એફઆઈઆર દાખલ કરી છે. જેપૈકી રોબર્ટ વાઢેરાની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ પણ સામેલ છે. રોબર્ટ વાઢેરાની કંપની સામે ચાર એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી છે.

સીબીઆઈના પ્રવકતાએ કહ્યુ છે કે ઉંચાપત અને બોગસ દાવા સાથે સંબંધિત ક્લેઈમમાં રાજસ્થાન સરકાર પાસેથી તપાસ લીધા બાદ ૧૮ કેસો ફરી નોંધવામાં આવ્યા છે. સેના દ્વારા ઉપયોગ કરવામાં આવતી મહાજન ફિલ્ડ પાયરિંગ રેજ બિકાનેર માટે મેળવવામાં આવેલી જમીનનો મામલો રહેલો છે. એજન્સી દ્વારા કુલ ૧૮ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જે પૈકી ગજનેર પોલીસ સ્ટેશનમાં ૧૬ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.



ભાદરવો ભરપૂર - ભાદરવાના મધ્યમાં પણ વરસાદ અવિરત વરસે છે... ઓછા-વત્તા પ્રમાણમાં રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ છે... મોસમનો ૧૦૦ ટકા વરસાદ હોવા છતાં હજુ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે...

# ડેરા દ્વારા આત્મઘાતી ટુકડી પણ તૈયાર કરાઈ રહી હતી

## ડેરા સચ્ચા સૌદાને લઇને ચોંકાવનારી વિગત ખુલી : પોલીસ દ્વારા ડેરાથી કેટલાક દસ્તાવેજો કબજે કરી લીધા : કેસોને લઇ તપાસ સંસ્થા પર દબાણ લાવવાનો હેતુ હતો

પંચકુલા,તા. ૩૧

બળાત્કારના મામલામાં દોષિત જાહેર થયેલા અને હાલમાં જેલની હવા ખાઈ રહેલા ડેરા સચ્ચા સૌદાના લીડર બાબા રામ રહીમના સંબંધમાં ચોંકાવનારી વિગત હવે સપાટી પર આવી છે. ડેરા સચ્ચા સૌદાને લઈને હવે એવી વિગત સપાટી પર આવી છે કે તેના દ્વારા આત્મઘાતી ટુકડી તૈયાર કરવામાં આવી રહી હતી. ડેરા પ્રમુખ પર ચાલી રહેલા કેસોને લઈને તપાસ સંસ્થાઓ પર દબાણ લાવવાના હેતુથી આ કામ ચાલી રહ્યુ હતુ. પોલીસે ડેરાથી જે દસ્તાવેજો કબજે કર્યા છે તેના દ્વારા આ ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. ડેરાના સમર્થકો પૈકી એક ઈન્દુ ઈન્સાને ૨૦મી ઓક્ટોબર ૨૦૦૫ના દિવસે ડેરાને આપેલી એક એફિડેવિટમાં લખ્યુ હતુ કે તે તેની લાઈફને માનવતાને સમર્પિત કરી દીધી છે. જો તે કોઈ દુર્ઘટના અથવા તો અન્ય કોઈ કારણસર મરીશ તો આના માટે તે પોતે જવાબદાર રહેશે. કોઈ અન્યને તેના મોત માટે જવાબદાર ઠેરવી શકાશે નહી. તેના પરિવારના સભ્યો અને અન્યો કોઈ પણ ડેરાને જવાબદાર ઠેરવી શકશે નહી. સિરસામાં રહેનાર ન્દ્રિુ એવા સમર્થકોમાંથી હતા જેના દ્વારા સીબીઆઈ મારફતે ડેરા પ્રમુખ

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધીને લઈ મોદીએ માફી માંગવી જોઈએ : આનંદ શર્મા

## ૪-૫ લાખ કરોડ ક્યાં ગયા : શર્માનો પ્રશ્ન

નવીદિલ્હી, તા. ૩૧

નોટબંધી પર આરબીઆઈના આંકડા જારી કરવામાં આવ્યા બાદ કોંગ્રેસે હવે કેન્દ્ર સરકાર ઉપર આક્રમક પ્રહારો કરવાની શરૂઆત કરી દીધી છે. રિઝર્વ બેંક તરફથી જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, બંધ કરવામાં આવેલા ૧૦૦૦ના ૯૯ ટકા નોટ પરત આવી ગયા છે. આના પર કોંગ્રેસે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, સરકાર જે રીતે કાળા નાણાને ખતમ કરવાનો દાવો કરી રહી છે તે દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. કોંગ્રેસના નેતા આનંદ શર્માએ આજે કહ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વતંત્રતા દિવસે પોતાના નિવેદનમાં વડાપ્રધાને કહ્યું હતું કે, ૩ લાખ કરોડના કાળા નાણા હાથ લાગ્યા છે. આનંદ શર્માના કહેવા મુજબ વડાપ્રધાને ખોટુ નિવેદન કર્યું હતું. વડાપ્રધાને હવે પોતાની ભુલ સ્વીકારવી જોઈએ. વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ. શર્માએ કહ્યું હતું કે, જો કાળા નાણા આવ્યા છે તો ૪-૫ લાખ કરોડ રૂપિયા ક્યા ગયા છે.

# જીડીપી ગ્રોથ રેટ ૫.૭ ટકા રહ્યો : નિષ્ણાતોમાં ચર્ચાઓ

નવીદિલ્હી,તા. ૩૧

ભારતનો જીડીપી અથવા તો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ રેટ એપ્રિલ-જૂનના ગાળા દરમિયાન વાર્ષિક આધાર પર ૫.૭ ટકા રહ્યો છે જે બે વર્ષમાં સૌથી ધીમી ઝડપ દેખાઈ રહી છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આજે આ મુજબની કબૂલાત કરવામાં આવી હતી. અગાઉના ત્રિમાસિક ગાળા જાન્યુઆરીથી માર્ચ દરમિયાન જીડીપી દર ૬.૧ ટકા સુધી રહ્યો હતો. ગયા વર્ષે આજ ગાળા દરમિયાન જીડીપી ગ્રોથ રેટ ૭.૯ ટકાનો હતો. હાલમાં જ કરવામાં આવેલા પોલમાં ૩૦થી વધુ અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૬.૬ ટકાની આસપાસ રહેશે. આ જીડીપી ગ્રોથ રેટ માર્ચ ૨૦૧૬ બાદથી સૌથી ધીમી ગતિનો દરેક ત્રિમાસિક ગાળાનો ગ્રોથ રેટ છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ધીમી ગ્રોથરેટ માટે કેટલાક કારણો છે જે પૈકી નોટબંધીના કારણને મુખ્યરીતે ગણવામાં આવે છે.

**જીડીપી ગ્રોથનો દર બે વર્ષમાં સૌથી ધીમો રહ્યો છતાં પણ ભારત સૌથી ઝડપથી ઉભરતું અર્થતંત્ર**

આ ઉપરાંત જીએસટી વ્યવસ્થાને અમલી કરવામાં આવ્યા બાદ આને લઈને પણ કેટલીક દુવિધાભરી સ્થિતિ રહી હતી. પોલમાં અર્થશાસ્ત્રીઓએ કહ્યું હતું કે, જીએસટીને લઈને અનિશ્ચિતતા હજુ થોડાક સમય સુધી રહે તેવી શક્યતા છે. પહેલી જુલાઈના દિવસે જીએસટી વ્યવસ્થાને દેશભરમાં અમલી કરી દેવામાં આવી હતી. ભારતભરમાં તમામ રાજ્યો હવે એક રેટ અને એક માર્કેટમાં ફેરવાઈ ગયા છે.

હાર્દિક અભિનંદન



આપશ્રીને કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મંત્રી પદે થયેલી નિમણૂંકને હર્ષભેર આવકારી હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

વિરેન્દ્રસિંહજી વાઘેલા (વાસણ)
મંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

શુભેચ્છકશ્રી
રાકેશ એમ.પટેલ (વાવોલ)

જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ વાઘેલા (કોલવડા) | પ્રતાપસિંહ છત્રસિંહ વાઘેલા (કોલવડા)
જગદિશસિંહ દિલીપસિંહ વાઘેલા (કોલવડા) | વિરેન્દ્રસિંહ રાણા (ધણપ)
વિરલ વિ.પટેલ (ઉનાવા) | સુરભા વાઘેલા (પેથાપુર)
નરેન્દ્રસિંહ આઈ.ચાવડા (બિલોદ્રા) | હિતેશ વી.ચૌહાણ (વાવોલ)
ઘનશ્યામસિંહ એન.ડાભી (ડાંગરવા) | અનિલસિંહ વાઘેલા (કોલવડા)
નીર્મલ વકેરીયા (સેક્ટર-૨૮) | ઘનશ્યામસિંહ વાઘેલા (કોલવડા)
ફિરોઝભાઈ લુહાર (પેથાપુર) | સંજયસિંહ વાઘેલા (ગોધાવી)

પ્રિટી વિમેન્સ કલબ આયોજીત
ફ્રી એન્ટ્રી
દરેક વ્યક્તિ માટે સ્પેશ્યલ શોપીંગ ડેસ્ટીનેશન
એક્ઝીબિશન અને સેલ
સ્પેશ્યલ આકર્ષણ
● ઈન્ડીયન અને વેસ્ટર્ન આઉટફીટ ● ટ્રેડીશનલ વેર ● કોસ્મેટીક, પરફ્યુમ વગેરે ● હેન્ડીક્રાફ્ટ અને એક્રેલીક રંગોળી ● હોમ ફર્નિચર અને ડેકોરેશન ● એન્ટીક, ઈમીટેશન અને હેન્ડમેઈડ જ્વેલરી ● પર્સ અને એસેસરીઝ ● પર્સનલ કેર અને ઘણું બધુ...
2nd શનિવાર 3rd રવિવાર September
Shilpa Desai - 94286 92676 • Daxa Jadav - 98790 57978
ઉમા સમાજ ભવન, બલરામ ભવનની નજીક, કોર્ટ બિલ્ડીંગની સામે, સે-૧૨

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય